પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૦ | ૩૧ ઓગસ્ટ, ૨૦૨૨, બુધવાર; ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગુજરાતના રમખાણોના કેસ બંધ કરવા સુપ્રીમનો આદેશ

**બાબરી ધ્વંશ અને ગુજરાત રમખાણોના કેસમાં સુપ્રીમનો મહત્વનો નિર્ણય : ગુજરાત રમખાણોને લઇને દાખલ કરાયેલ અરજીઓનો હવે કોઇ અર્થ નથી, એવામાં તેમના પર કાર્યવાહીને બંધ કરવામાં આવી હોવાનું સુપ્રીમનું તારણ**



અમદાવાદ, તા.૩૦

સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લેતાં બાબરી મસ્જિદ વિધ્વંસ અને ગુજરાત રમખાણો સાથે જોડાયેલા કેસ બંધ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે ગુજરાત રમખાણોને લઈને દાખલ કરવામાં આવેલી અરજીઓનો હવે કોઈ અર્થ નથી. એવામાં તેમના પર કાર્યવાહીને બંધ કરવામાં આવી રહી છે. કોર્ટે કહ્યું કે ગુજરાત રમખાણોના ૯ માંથી ૮ કેસમાં ટ્રાયલ પુરી થઈ ગઈ છે. આ ઉપરાંત કોર્ટે બાબરી વિધ્વંસ સાથે જોડાયેલા તિરસ્કારના કેસોને બંધ કરવાનો આદેશ આપ્યો છે. જોકે સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદ વિધ્વંસ કેસમાં એડવોકેટ પ્રશાંત ભૂષણ અને પત્રકાર તરૂણ તેજપાલ વિરૂદ્ધ તિરસ્કારની અવગણનાની કાર્યવાહીને બંધ કરવાનો આદેશ આપ્યો છે. બંનેએ આ મામલે માફી માંગી લીધી છે. જોકે પ્રશાંત ભૂષણે ૨૦૦૯ માં એક ઈન્ટરવ્યૂમાં પૂર્વ અને હાલના જજો પર ભ્રષ્ટાચારના આરોપ લગાવવામાં આવ્યા હતા. આ કેસની પેરવી કરતાં કપિલ સિબ્બલે કહ્યું કે પ્રશાંત ભૂષણ અને તરૂણ તેજપાલે માફી માંગી લીધી છે. એટલા માટે બંને વિરૂદ્ધ કેસને બંધ કરવામાં આવે છે. તેમની આ માંગને જસ્ટિસ ઈન્દીરા બેનર્જી, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એમ.એમ. સુંદરેશની બેંચએ સ્વિકાર કરી લીધો છે.

**સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદ વિધ્વંસ કેસમાં એડવોકેટ પ્રશાંત ભૂષણ અને પત્રકાર તરૂણ તેજપાલ વિરૂદ્ધ તિરસ્કારની અવગણનાની કાર્યવાહીને બંધ કરવાનો આદેશ આપ્યો છે. બંનેએ આ મામલે માફી માંગી લીધી છે.**

પ્રશાંત ભૂષણ અને તરૂણ તેજપાલને નવેમ્બર ૨૦૦૯ માં નોટીસ જાહેર કરવામાં આવી હતી. પ્રશાંત ભૂષણે તેના પર સ્પષ્ટતા આપતાં કહ્યું હતું કે 'મે તહેલકાને ૨૦૦૯ માં જે ઈન્ટરવ્યું આપ્યો હતો, તેમાં કરપ્શન શબ્દ કોઈ વિશેષ વસ્તુ માટે કરવામાં આવ્યો ન હતો. આ વાત મે વ્યાપક સંદર્ભમાં કહી હતી. તેનો સંબંધ નાણાકીય ભ્રષ્ટાચાર સાથે નથી. જો કોઈ જજ અથવા પછી તેમના પરિવારને તેનાથી દુખ પહોંચ્યું હોય તો માફી માંગુ છું. 'પ્રશાંત ભૂષણે ઓગસ્ટ ૨૦૨૦ માં પોતાના નિવેદન પર માફી માંગી હતી.

# કાશ્મીરમાં કોંગ્રેસને ઝટકા પર ઝટકા

**ગુલામ નબી આઝાદના સમર્થનમાં ૬૪ નેતાઓએ પાર્ટી છોડી દીધી : તારાચંદ, પૂર્વ મંત્રી અબ્દુલ માજિદ વાની, મનોહર લાલ શર્મા, ધરૂ રામ અને પૂર્વ ધારાસભ્ય બલવાન સિંહ સહિત અન્ય નેતાઓએ રાજીનામાની જાહેરાત કરી**

નવી દિલ્હી,તા.૩૦

જમ્મુ-કાશ્મીરના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તારાચંદ સહિત કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોંગ્રેસના આશરે ૬૪ વરિષ્ઠ નેતાઓએ ગુલામ નબી આઝાદના સમર્થનમાં મંગળવારે પાર્ટીમાંથી રાજીનામા આપી દીધા છે. આ નેતાઓએ પોતાનો સંયુક્ત રાજીનામાનો પત્ર કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને મોકલી દીધો છે.

પત્રકાર પરિષદમાં તારાચંદ, પૂર્વ મંત્રી અબ્દુલ માજિદ વાની, મનોહર લાલ શર્મા, ધરૂ રામ અને પૂર્વ ધારાસભ્ય બલવાન સિંહ સહિત અન્ય નેતાઓએ કોંગ્રેસમાંથી રાજીનામાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે કોંગ્રેસ સાથે પોતાનો છેડો ફાડી દીધો છે. આઝાદ પાર્ટી સાથે પાંચ દાયકાથી જોડાયેલા હતા. બલવાન સિંહે પત્રકાર પરિષદમાં રાજીનામા પત્રને વાંચતા કહ્યું, અમે દાયકાઓથી પાર્ટી સાથે જોડાયેલા હતા અને પોતાની ઉર્જા અને સંસાધન જમ્મુ-કાશ્મીરમાં પાર્ટીનો વિસ્તાર કરવામાં લગાવ્યા, પરંતુ દુર્ભાગ્યથી અમને ખબર પડી કે જે પ્રકારનો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે તે અપમાનજનક છે.

આ પત્ર પર કોંગ્રેસના જમ્મુ-કાશ્મીર એકમના ૬૪ નેતાઓ અને વરિષ્ઠ પદાધિકારીઓએ હસ્તાક્ષર કર્યા છે.

પત્રમાં કહેવામાં આવ્યું છે, અમારા નેતા અને પથપ્રદર્શક ગુલામ નબી આઝાદે તમને (સોનિયા ગાંધીને) લખેલા પત્રમાં મુદ્દાને ગણઆવતા પાર્ટીમાંથી રાજીનામુ આપ્યું છે. અમારૂ માનવુ છે કે અમારે પણ કોંગ્રેસ છોડી દેવી જોઈએ જેથી એક સકારાત્મક રાજકીય સમાજ નિર્મિત કરવામાં કેટલુક ઉપયોગી યોગદાન આપી શકીએ, જ્યાં લોકોની વાત સાંભળવામાં આવે અને જવાબ પણ આપવામાં આવે. આઝાદે જાહેરાત કરી હતી કે તે જલદી જમ્મુ-કાશ્મીરમાં એક પાર્ટીની રચના કરશે, જે રાષ્ટ્રીય સ્તરની હશે. પાર્ટીના નેતાઓએ પોતાના પત્રમાં કહ્યું- અમે બધા ગુલામ નબી આઝાદનું સમર્થન કરીએ છીએ અને જમ્મુ-કાશ્મીરના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમની સાથે રહીશું.

# અદાણી વિશ્વના ધનાઢ્યોની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચ્યા

**કોલસાથી લઈને પોર્ટ સુધી અને ડેટા સેન્ટરથી લઈને સિમેન્ટ, મીડિયા અને એલ્યુમિનિયમ સેક્ટર સુધી ગૌતમ અદાણીનું સામ્રાજ્ય ફેલાયેલું છે**

નવી દિલ્હી,તા.૩૦



અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની સંપત્તિ દિવસે ન વધે એટલી રાત્રે અને રાત્રે ન વધે તેટલી દિવસે વધતી જાય છે. હવે તેઓ વિશ્વના ધનિકોની યાદીમાં ત્રીજા ક્રમે પહોંચી ગયા છે. તેઓ આ લિસ્ટમાં આટલે ઉંચે સુધી પહોંચનાર પ્રથમ એશિયન બન્યા છે. ૬૦ વર્ષના ગૌતમ અદાણી કેટલાક વર્ષોથી પોતાનો બિઝનેસ આક્રમક રીતે વિસ્તારતા જાય છે અને તેમાં પણ કેન્દ્રમાં નવી સરકાર આવ્યા પછી તેમના બિઝનેસે જબ્બરજસ્ત પ્રગતિ કરી છે. છેલ્લી ગણતરી પ્રમાણે ગૌતમ અદાણી અત્યારે ૧૩૭.૪ અબજ ડોલરની નેટવર્થ ધરાવે છે. તેમણે સંપત્તિની બાબતમાં ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટને પાછળ રાખી દીધા છે. હવે માત્ર ટેસ્લાના માલિક ઈલોન મસ્ક અને

● અનુસંધાન પાન-૭ પર

# દારૂ નીતિ મામલે કેજરીવાલને અન્ના હજારેએ લખ્યો પત્ર

**તમારી કથની અને કરણીમાં ફરક : છેલ્લા કેટલાક દિવસથી દિલ્હી સરકારની દારૂ નીતિને લઈને જે ખબરો આવી રહી છે તેને વાંચીને દુ:ખ થાય છે : હજારે**

નવી દિલ્હી,તા.૩૦



દિલ્હીમાં આબકારી નીતિમાં કથિત કૌભાંડના આરોપોનો સામનો કરી રહેલી આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ ઓછી થઈ રહી નથી. હવે દિલ્હીના મુખ્યમંત્રી સીએમ અરવિંદ કેજરીવાલને અન્ના હજારેએ પત્ર લખ્યો છે અને કહ્યું કે તેઓ દિલ્હીમાં દારૂની દુકાનો બંધ કરાવે. તેમણે એમ પણ લખ્યું છે કે અરવિંદ કેજરીવાલે સ્વરાજ પુસ્તકમાં મોટી મોટી વાતો લખી હતી, પરંતુ તેમના આચરણ પર તેની અસર જોવા મળતી નથી. અન્ના હજારેએ પોતાના પત્રમાં અરવિંદ કેજરીવાલને સંબોધિત કરતા લખ્યું છે કે તમારા મુખ્યમંત્રી બન્યા બાદ પહેલીવાર હું તમને પત્ર લખી રહ્યો છું. છેલ્લા કેટલાક દિવસથી દિલ્હી સરકારની દારૂ નીતિને લઈને જે ખબરો આવી રહી છે તેને વાંચીને દુ:ખ થાય છે. આ સાથે જ અન્ના હજારેએ પત્ર દ્વારા દારૂ સંલગ્ન સમસ્યાઓ વિશે સૂચનો પણ આપ્યા છે.

અન્ના હજારેએ પત્રમાં લખ્યું છે કે ગાંધીજીના ગાવ કી ઓર ચલો... આ વિચારોથી પ્રેરિત થઈને મે મારું આખું જીવન ગામ, સમાજ અને દેશ માટે સમર્પિત કર્યું. છેલ્લા ૪૭ વર્ષથી ગ્રામ વિકાસ માટે કામ અને ભ્રષ્ટાચાર વિરોધમાં જન આંદોલન કરી રહ્યો છું. મહારાષ્ટ્રમાં ૩૫ જિલ્લામાં ૨૫૨ તહસિલમાં સંગઠન બનાવ્યું. ભ્રષ્ટ્રાચાર વિરોધમાં તથા વ્યવસ્થા પરિવર્તન માટે સતત આંદોલન કર્યા. આ કારણે મહારાષ્ટ્રમાં ૧૦ કાયદા બન્યા. શરૂઆતમાં ગામમં ચલનારી ૩૫ દારૂની ભઠ્ઠીઓ બંધ કરી. તમે લોકપાલ આંદોલનના કારણે અમારી સાથે જોડાયા. ત્યારથી તમે અને મનિષ સિસોદિયા અનેકવાર રાલેગણસિદ્ધિ ગામ આવી ચૂક્યા છો. ગામવાળાઓએ કરેલું કામ તમે જોયું છે. છેલ્લા ૩૫ વર્ષથી ગામમાં દારૂ, બીડી, સિગારેટ વેચાણ માટે નથી. આ જોઈને તમે પ્રેરિત થયા હતા. તમે આ વાતની પ્રશંસા પણ કરી હતી.

પત્રમાં લખ્યું છે કે રાજનીતિમાં આવતા પહેલા તમે સ્વરાજ નામનું પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકની પ્રસ્તાવના તમે મારી

● અનુસંધાન પાન-૭ પર

# શશિ થરૂર કોંગ્રેસના અધ્યક્ષપદ માટે ચૂંટણી લડે એવી શક્યતા

**અત્યાર સુધી થરૂરે આ અંગે નિર્ણય લીધો નથી પરંતુ ચૂંટણીમાં ભાગ લેશે કે કેમ તે અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો**



નવી દિલ્હી, તા.૩૦

કોંગ્રેસ પાર્ટીના આગામી અધ્યક્ષ કોણ હશે? તે અંગે હજુ સવાલ ઉભો છે. પાર્ટીએ જાહેરાત કરી છે કે, નવા અધ્યક્ષ માટે ૧૭ ઓક્ટોબરના રોજ ચૂંટણી યોજાશે અને ૧૯ ઓક્ટોબરે મતગણતરી થશે. આ દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂર કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે ચૂંટણી લડવાની શક્યતાઓ શોધી રહ્યા છે. જોકે તેમણે અત્યાર સુધી આ અંગે નિર્ણય લીધો નથી પરંતુ શશિ થરૂરે ચૂંટણીમાં ભાગ લેશે કે કેમ તે અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

થરૂરે કોંગ્રેસમાં અધ્યક્ષ પદની ચૂંટણી માટે એક લેખ પણ લખ્યો છે જેમાં તેમણે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની વાત કરી હતી. આ લેખમાં તેમણે કહ્યું કે, પાર્ટીએ કોંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબલ્યુસી)ની એક ડઝન સીટો માટે પણ ચૂંટણીની જાહેરાત કરવી જોઈએ. આ લેખમાં થરૂરે લખ્યું છે કે, તેમણે કહ્યું છે કે પાર્ટીએ આદર્શ રીતે સીડબલ્યુસીસભ્ય પદ માટે પણ ચૂંટણીની જાહેરાત કરવી જોઈતી હતી. થરૂરે કહ્યું કે એઆઈસીસીઅને પીસીસીના સભ્યોને પાર્ટીમાં આ મુખ્ય હોદ્દાઓનું નેતૃત્વ કોણ કરશે તે પસંદ કરવાની મંજૂરી આપવી જોઈએ.

# પ્રધાનમંત્રી પાસે જે સંસ્થાકીય કુશળતા છે, તે કોઈ દૈવી શક્તિ વગર શક્ય નથી : રાજનાથ

**વિપક્ષને પીએમ મોદીનો તોડ નથી મળી રહ્યો : સંસ્થાકીય કુશળતા, જનતા સાથે જોડાણ અને તેમની મુશ્કેલીઓની ઊંડાણપૂર્વક સમજના કારણે પ્રધાનમંત્રી દુનિયાના સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે**

નવી દિલ્હી,તા.૩૦



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દુનિયાના સૌથી લોકપ્રિય નેતા અને વૈશ્વિક લીડરની યાદીમાં નંબર વન છે. આ બધા વચ્ચે રક્ષા મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે પીએમ મોદી કેમ દુનિયાભરમાં સૌથી લોકપ્રિય છે. તેમણે કહ્યું કે સંસ્થાકીય કુશળતા, જનતા સાથે જોડાણ અને તેમની મુશ્કેલીઓની ઊંડાણપૂર્વક સમજના કારણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દુનિયાના સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે. વરિષ્ઠ પત્રકાર અજય સિંહ દ્વારા લખાયેલા પુસ્તક 'ધી આર્કિટેક્ટ ઓફ ધ બીજેપી' ના વિમોચન પ્રસંગે રાજનાથ સિંહે એમ પણ કહ્યું કે કેટલાક લોકો પીએમ નરેન્દ્ર મોદીનો તોડ શોધી રહ્યા છે પરંતુ તેમને તે મળતો નથી. રાજનાથ સિંહે કહ્યું કે જનતા સાથે જોડાયેલા રહો, સફળથા તમારા ચરણ ચૂમશે, આ પ્રધાનમંત્રી મોદીનો મૂળ મંત્ર છે. તેમણે કહ્યું કે તેમના મુજબ મોદી પાસે જે સંસ્થાકીય કુશળતા છે , તે કોઈ દૈવી શક્તિ વગર શક્ય નથી. તેમણે કહ્યું કે જનતા સાથે જોડાણ, તેમની સાથે સંવાદ, દેશની નસ પર મજબૂત પક્કડ, જનતાની મુશ્કેલીઓની ઊંડાણપૂર્વક જાણકારીથી તેમની લોકપ્રિયતાએ દેશ જ નહીં પરંતુ દુનિયામાં પણ તમામ નેતાઓને પછાડ્યા છે. આજે તેઓ દુનિયાના સૌથી લોકપ્રિય નેતા બન્યા છે. અમેરિકી કંપની ધ મોર્નિંગ કંસલ્ટના એક સર્વેનો હવાલો આપતા રક્ષામંત્રીએ કહ્યું કે પીએમ મોદીએ લોકપ્રિયતામાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન અને બ્રિટિશ પ્રધાનમંત્રી સહિત દુનિયાના ૧૨ પ્રમુખ રાષ્ટ્રાધ્યક્ષોને પાછળ છોડ્યા છે. તેમણે કહ્યું કે મોદીનો જનતા સાથે એક ભાવનાત્મક સંબંધ બની ગયો છે. તેમના પ્રધાનમંત્રી બન્યા પહેલા દેશમાં કેટલાક રાજ્યોમાં એનડીએની સરકાર હતી આજે તેનો વિસ્તાર ૧૬ રાજ્યો સુધી થયો છે. હાલ સમગ્ર દશમાં ૧૩૦૦થી વધુ વિધાયક અને ૪૦૦થી વધુ ભાજપના સાંસદ છે.

# દેશના દિગ્ગજ અર્થશાસ્ત્રી અભિજિત સેનનું અવસાન

**અભિજિત સેન ગ્રામીણ અર્થવ્યવસ્થાના નિષ્ણાત હતા : અભિજિત સેને નવી દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર ભણાવ્યું અને અનેક મહત્ત્વના સરકારી હોદ્દા સંભાળ્યા**

નવી દિલ્હી, તા.૩૦



ભારતના દિગ્ગજ અર્થશાસ્ત્રી અને આયોજન પંચનાં પૂર્વ સદસ્ય અભિજિત સેનનું સોમવારે રાત્રે નિધન થઈ ગયું છે. તેઓ ૭૨ વર્ષની ઉંમરના હતા. અભિજિત સેન ગ્રામીણ અર્થવ્યવસ્થાના નિષ્ણાત હતા. સેનના ભાઈ ડૉ. પ્રણવ સેને જણાવ્યું કે, અભિજિત સેનને રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ હાર્ટ એટેક આવ્યો હતો.

અમે તેમને હોસ્પિટલમાં લઈ ગયા પરંતુ ત્યાં સુધીમાં તેમનું નિધન થઈ ચૂક્યું હતું. ચાર દાયકાથી વધુ લાંબા પોતાના કરિયરમાં અભિજિત સેને નવી દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ)માં અર્થશાસ્ત્ર ભણાવ્યું અને અનેક મહત્ત્વના સરકારી હોદ્દા સંભાળ્યા હતા. તેઓ કૃષિ ખર્ચ અને કિંમત આયોગના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. સેન ૨૦૦૪થી ૨૦૧૪ સુધી આયોજન પંચના સભ્ય હતા. તે સમયે મનમોહન સિંહ વડાપ્રધાન હતા. અભિજિત સેનનો જન્મ નવી દિલ્હીમાં રહેતા એક બંગાળી પરિવારમાં થયો હતો. તેમણે સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી ભૌતિકશાસ્ત્રમાં ગ્રેજ્યુએશન કર્યું હતું.

દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. બહેચરભાઈ પ્રભાભાઈ પ્રજાપતિ
સેક્ટર-૧૨, ગાંધીનગર
(ગામ : કૃષ્ણનગર, ઈડર)
સ્વ. તા. ૩૧/૮/૨૦૨૦, સોમવાર

ધુપસળી જેવું જીવન જીવી ગયા,
ખુદ જ્યોત બની બધાનું
જીવન પ્રકાશિત કરી ગયા,
જીવનમાં દરેક પ્રસંગે એક
માર્ગદર્શક બની ગયા,
વસમું છે જીવન હવે તમારા વગર,
આંખોના અશ્રુ બની
આંખોમાં જ સમાઈ ગયા.
પરમકૃપાળુ પરમાત્મા
આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
ગં.સ્વ. લક્ષ્મીબેન બહેચરભાઈ પ્રજાપતિ
જીગર બહેચરભાઈ પ્રજાપતિ
ચેતના જીગર પ્રજાપતિ
ડો. આનંદ બહેચરભાઈ પ્રજાપતિ
ડો. અનુપમા આનંદ પ્રજાપતિ
અતુલકુમાર જે. પ્રજાપતિ
હીનાબેન અતુલકુમાર પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૫૫૧૯૭, મો. ૯૮૨૫૮ ૫૧૦૧૧
શૈલ, જ્ઞાન, નામ્યા, પ્રેમ

